


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752

NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 279
Dt.: 13-08-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### કેન્દ્ર સરકાર ફાસ્ટેગ વાહનચાલકો માટે લાવી ઓફર

# ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે

### માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશભરમાં ૧૫ ઓગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ થવાનો છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર સ્વતંત્રતા દિવસ પર નવો ફાસ્ટેગ પાસ લોન્ચ કરવાની છે, જેની વાર્ષિક કિંમત ૩૦૦૦ રૂપિયા છે. કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને રાજમાર્ગયાત્રા (Rajmargyatra) મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. સરકારે નવો ફાસ્ટેગ લોન્ચ કરવાની જાહેરાત કર્યા બાદ હવે વાહનચાલકોને ફાયદો કરાવતી




ઓફર લાવી છે. સરકારે કહ્યું છે કે, ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે. કેન્દ્ર સરકારે ૩૦૦૦ રૂપિયામાં નવો ફાસ્ટેગ પાસ ખરીદનાર વાહનચાલકોને ૨૦૦ મફત ટ્રિપ આપવાની જાહેરાત કરી છે, પરંતુ સવાલ એ થાય છે કે, આખરે સરકાર એક ટ્રિપ કેવી રીતે ગણશે? જો કોઈ વાહનચાલક અમદાવાદથી વડોદરા જાય અને ત્યાંથી પરત આવે તો તેને કેટલી ટ્રિપ માનવામાં આવશે? તેનો અર્થ એ છે કે, જો તમે અમદાવાદથી વડોદરા જાવ અને આ દરમિયાન કુલ ૭ ટોલ પ્લાઝા આવે તો તેને કુલ સાત ટ્રિપ માનવામાં આવશે. જો તમે અમદાવાદથી વડોદરા જઈને પરત ફરો તો તેને કુલ ૧૪ ટ્રિપ માનવામાં આવશે. માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે.

કેન્દ્ર સરકારે જાહેર કરી નવી ટ્રિપની સુવિધા માત્ર નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસ ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. જ્યારે એક્સપ્રેસવે, રાજ્ય ધોરીમાર્ગો પર પણ ફાસ્ટેગ નિયમિત રીતે ચાલુ રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયનો નવો આદેશ દેશના તમામ ટોલ પ્લાઝા પર લાગુ નહીં પડે. વાહનચાલકોને નવા ફાસ્ટેગ પાસનો ફાયદો માત્ર NHAIના ટોલ પ્લાઝા પર જ થશે.

ઉલ્લેખનીય છે કે, નવો ફાસ્ટેગ પાસ માત્ર કાર, જીપ અને વાન જેવા વાહનો માટે છે. આ પાસ બસ અને ટ્રક જેવા મોટા વાહનોને લાગુ નહીં પડે અને તેઓએ ટોલ ટેક્સ ચુકવવો જ પડશે.સૌથી પહેલા અમે તમને જણાવી દઈએ કે, FASTag વાર્ષિક પાસની કિંમત ૩ હજાર રૂપિયા છે, તેને એક્ટિવેટ કરવા માટે તમારે Rajmarg Yatra App અથવા સત્તાવાર પોર્ટલની મદદ લેવી પડશે.NHAIએ કહ્યું FASTag વાર્ષિક પાસ અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી શકાતો નથી. આ પાસ તે જ વાહન પર લાગુ થશે જેના પર તે નોંધાયેલ છે. જો FASTag વાર્ષિક પાસનો ઉપયોગ રજિસ્ટર્ડ વાહન સિવાય અન્ય કોઈપણ વાહન પર કરવામાં આવે છે, તો તે ડિએક્ટિવેટ થઈ જશે. આ માહિતી NHAI પર લિસ્ટેડ છે. FASTag વાર્ષિક પાસ તેના નામ પરથી ખ્યાલ આવી જાય છે કે, ૧ વર્ષ અથવા ૨૦૦ ટ્રિપ્સ માટે લાગુ પડશે. તે પછી તે સામાન્ય ફાસ્ટેગમાં ફેરવાઈ જશે. તમે ૩,૦૦૦ રૂપિયા ચૂકવીને તેને ફરીથી એક્ટિવેટ કરી શકો છો.

FASTag વાર્ષિક પાસને લઈને ઘણા નિષ્ણાતોનો અંદાજ છે કે જો તમે બધી ૨૦૦ ટ્રિપ કરો છો, તો તમને લગભગ ૨,૦૦૦ થી ૪,૦૦૦ રૂપિયાનો ફાયદો મળશે. FASTag વાર્ષિક પાસ માત્ર નેશનલ હાઈવે (NH) અને નેશનલ એક્સપ્રેસ વે (NE) ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે.

FASTag વાર્ષિક પાસ લેવો જરૂરી નથી. હાલની FASTag સિસ્ટમ પહેલાની જેમ જ કામ કરશે. જ્યારે તમે પાસ વિના ટોલ પ્લાઝા પર આવો છો, ત્યારે તમારે FASTag દ્વારા લાગુ દર ચૂકવવા પડશે.

### સુપ્રીમનો મોટો નિર્ણય, સરકારની કાર્યવાહી પર લગાવી રોક

# દિલ્હીમાં જૂના વાહનોના માલિકોને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી

### કોર્ટે ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર હાલ કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીમાં જૂના વાહનોના માલિકોને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર હાલ કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ૧૦ અને ૧૫ વર્ષ જૂના વાહનો સામે કાર્યવાહી પર પ્રતિબંધ મૂકતો આદેશ જાહેર કર્યો છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે સરકારને નોટિસ જાહેર કરીને ૪ અઠવાડિયામાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, દિલ્હી સરકારે જૂના વાહનો સામે કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાના ૨૦૧૮ના આદેશ પર પુનર્વિચાર કરવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪ માં, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ દિલ્હી-NCR માં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે ૧૦ વર્ષથી જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૮ માં આ આદેશને યથાવત રાખતા, દિલ્હીના પરિવહન વિભાગને આવા વાહનોને જપ્ત કરવા અને સ્ક્રેપ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

૨૦૨૪ જાહેર કરી હતી અને લગભગ ૬૨ લાખ જૂના પેટ્રોલ-ડીઝલ વાહનોને રસ્તાઓ પરથી દૂર કરવા અને તેમને સ્ક્રેપ કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ આ આદેશનો વિરોધ કરવામાં આવ્યો હતો. લોકો અને સામાજિક સંગઠનોએ આ આદેશનો સખત વિરોધ કર્યો હતો.દિલ્હી-એનસીઆરમાં જૂના વાહનો પર સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહેલી કડકતામાં એક મહત્વપૂર્ણ વળાંક છે. રાજધાનીમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ પહેલાથી જ લાગુ છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અને ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટે તેમને 'એન્ડ ઓફ લાઈફ' એટલે કે EOL વાહનો જાહેર કર્યા છે.

૧ જુલાઈથી, પેટ્રોલ પંપ પર ANPR કેમેરા લગાવવામાં આવ્યા હતા, જે આવા વાહનોની નંબર પ્લેટ ઓળખે છે અને તેમને ઈંધણ આપતા અટકાવે છે. દિલ્હી સરકારે પોલીસ અને ટ્રાન્સપોર્ટ એન્ફોર્સમેન્ટ ટીમો સાથે મળીને ઘણા વિસ્તારોમાં દેખરેખ વધારી દીધી હતી. પેટ્રોલ પંપોને ચેતવણી આપવામાં આવી હતી કે, જો તેઓ પ્રતિબંધિત વાહનોને ઈંધણ આપશે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

જોકે, સુપ્રીમ કોર્ટે હાલમાં વાહન માલિકોને રાહત આપી છે. કોર્ટે કહ્યું કે, આ વાહનો પર કોઈ ફરજિયાત દંડ કે જપ્તી નહીં થાય. આ આદેશ ત્યારે આવ્યો જ્યારે દિલ્હી સરકારે જૂના વાહનો માટે પેટ્રોલ અને ડીઝલનું વેચાણ બંધ કરવાની યોજના અમલમાં મૂકી હતી. હવે કેન્દ્ર અને અન્ય પક્ષો પાસેથી જવાબ માંગવામાં આવ્યો છે, અને કેસની આગામી સુનાવણી ચાર અઠવાડિયા પછી થશે.

### કાપડ ક્ષેત્રમાં બાંગ્લાદેશ ભારતનો મોટો હરીફ

# વેપાર મુદ્દે અમેરિકા સાથે તણાવ વચ્ચે ભારતે બાંગ્લાદેશને આપ્યો ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

બાંગ્લાદેશ અને ભારત વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધોમાં તણાવ વધી ગયો છે. શેખ હસીનાના તખ્તાપલટ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી ગઈ છે. હવે આ બંને દેશો વચ્ચેના તણાવની અસર આયાત પર પણ દેખાઈ રહી છે. તણાવપૂર્ણ સંબંધોના કારણે ભારતે ફરી એકવાર બાંગ્લાદેશથી જમીન માર્ગે આયાત કરવામાં આવતી કેટલીક વધુ શણની પ્રોડક્ટ્સની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યારબાદ પ્રતિબંધિત માલની યાદીમાં શણની વસ્તુઓને સામેલ કરવામાં આવી છે.ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)ની નોટિફિકેશન પ્રમાણે કેટલાક શણ ઉત્પાદનોની આયાત માત્ર જમીન માર્ગે પ્રતિબંધિત કરવામાં આવી છે. હજુ પણ આ વસ્તુઓની આયાત ન્હાવા શેવા પોર્ટ દ્વારા કરવામાં આવી શકે છે. નોટિફિકેશન પ્રમાણે ભારત-બાંગ્લાદેશ સરહદ પરના કોઈપણ લેન્ડ પોર્ટ પરથી બાંગ્લાદેશથી આયાત કરવાની મંજૂરી આપવામાં નહીં આવશે. જમીન માર્ગ દ્વારા આયાત કરવા માટે પ્રતિબંધિત

**શેખ હસીનાની સરકારના તખ્તાપલટ બાંગ્લાદેશમાં લઘુમતીઓ ખાસ કરીને હિન્દુઓ પર હુમલાના મામલા સામે આવ્યા છે**

વસ્તુઓમાં શણ અથવા અન્ય કાપડના બાસ્ટ ફાઈબરના બ્લીચ કરેલા અને બ્લીચ ન કરેલા વણાયેલા કાપડ, સૂતળી, દોરી, શણની દોરી અને શણના કોથળાઓ અને બેગ સામેલ છે. આ અગાઉ પણ ૨૭ જૂનના રોજ ભારતે બાંગ્લાદેશથી તમામ જમીન માર્ગો દ્વારા કેટલાક શણ ઉત્પાદનો અને વણાયેલા કપડાની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, આ આયાત હજુ પણ માત્ર મહારાષ્ટ્રના ન્હાવા શેવા બંદર દ્વારા કરવામાં આવી શકે છે. એપ્રિલ અને મે મહિનામાં પણ ભારતે બાંગ્લાદેશથી આયાત પર આ જ પ્રકારના પ્રતિબંધોની જાહેરાત કરી હતી. ૧૭ મેના રોજ ભારતે પાડોશી દેશમાંથી રેડીમેડ કપડા અને પ્રોસેસ્ડ ફૂડ જેવી કેટલીક વસ્તુઓની આયાત પર બંદર પ્રતિબંધો લાદ્યા હતા. ૯ એપ્રિલના રોજ ભારતે મધ્ય પૂર્વ, યુરોપ અને નેપાળ તથા ભૂટાનને છોડીને અન્ય ઘણા દેશોમાં વિવિધ વસ્તુઓની નિકાસ માટે બાંગ્લાદેશને આપવામાં આવેલી ટ્રાન્સશિપમેન્ટ સુવિધાઓ પાછી ખેંચી લીધી હતી. બાંગ્લાદેશના વચગાળાના સરકારના પ્રમુખ મુહમ્મદ યુનુસ દ્વારા ચીનમાં આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનોના કારણે આ પગલાં લેવામાં આવ્યા હતા. શેખ હસીનાની સરકારના તખ્તાપલટ બાંગ્લાદેશમાં લઘુમતીઓ ખાસ કરીને હિન્દુઓ પર હુમલાના મામલા સામે આવ્યા છે. તેના પર ભારત સતત ટિપ્પણી કરતું આવ્યું છે. યુનુસ લઘુમતીઓ ખાસ કરીને હિન્દુઓ પરના હુમલા રોકવામાં નિષ્ફળ ગયા પછી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તિરાડ પડી ગઈ છે. કાપડ ક્ષેત્રમાં બાંગ્લાદેશ ભારતનો મોટો હરીફ છે. ૨૦૨૩-૨૪માં ભારત-બાંગ્લાદેશ વેપાર ૧૨.૯ અમેરિકન ડોલર હતો. ૨૦૨૪-૨૫માં ભારતની નિકાસ ૧૧.૪૬ બિલિયન અમેકિરન ડોલર હતી, જ્યારે આયાત ૨ બિલિયન અમેરિકન ડોલર હશે.

# યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારત શક્ય તમામ ફાળો આપશેઃ વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલાં યુદ્ધને રોકવા માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ૧૫મી ઓગસ્ટે યોજાનારી મંત્રણા પૂર્વે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ મામલે ફોન પર વિસ્તૃત ચર્ચા કરી હતી.બંને વડાઓની વાતચીત દરમિયાન વડાપ્રધાન મોદીએ ઝેલેન્સ્કીને ખાતરી આપી હતી કે, રશિયા-યુક્રેન લડાઈના ઝડપી અને શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારત શક્ય તમામ યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવાના વડાપ્રધાન મોદીના પ્રયાસોની પ્રશંસા કરવાની સાથે જ ઝેલેન્સ્કીએ પરોક્ષ રીતે ભારત દ્વારા રશિયાના ઓઈલની ખરીદીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

રશિયાને યુદ્ધ ચાલુ રાખવા માટે મળતા ભંડોળમાં ઘટાડો થાય તે માટે ઝેલેન્સ્કીએ રશિયન ઓઈલની ખરીદી મર્યાદિત કરવાની અપીલ કરી હતી.એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુક્રેનના નાગરિકોનું સમર્થન કરવા બદલ હું વડાપ્રધાનનો આભારી છું.

ભારત દ્વારા અમારા શાંતિના પ્રયાસોને સમર્થન આપવાની તથા યુક્રેનને લગતા તમામ મામલાઓના નિર્ણયમાં યુક્રેનની હિસ્સેદારી હોવી જોઈએ તેવો અભિગમ દર્શાવવા બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છું. ઝેલેન્સ્કીએ વધુમાં જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દરમિયાન તેઓ મોદી સાથે વ્યક્તિગત મીટિંગ કરશે.

વડાપ્રધાન મોદીએ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે વાત કરી અને વર્તમાન ઘટનાક્રમ અંગે તેમના દૃષ્ટિકોણ વિશે જાણ્યું. મેં તેમને હાલમાં ચાલી રહેલાં સંઘર્ષના ઝડપી અને શાંતિપૂર્ણ ઉકેલ અંગે ભારતના અભિગમ વિશે જણાવ્યું હતું. યુદ્ધના શાંતિપૂર્ણ સમાધાન માટે તથા યુક્રેન સાથેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ભારત પ્રતિબદ્ધ છે.

# ૩૫ વર્ષ જૂના નર્સ હત્યા કેસમાં કાર્યવાહીઃ યાસીન મલિક સહિત ૮ આતંકવાદીઓના ઠેકાણા પર રેડ પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

જમ્મુ-કાશ્મીરની પોલીસ અને સ્ટેટ ઈન્ટેલિજન્સ એજન્સીએ ૨૭ વર્ષીય કાશ્મીરી નર્સની નિર્દયી હત્યા કરવાના કેસમાં આઠ સ્થળોએ દરોડા પાડ્યા છે. ત્રણ દાયકા (૩૫ વર્ષ) જૂના કેસમાં સુરક્ષા એજન્સીએ આજે શ્રીનગરમાં આઠ આતંકવાદીના ઘરે દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. ૧૯૯૦માં કાશ્મીરી હિન્દુ મહિલા સરલા ભટ્ટની નિર્મમ હત્યા સંબંધિત આ દરોડા હાથ ધરાયા હતાં. ભટ્ટ પર સામૂહિક દુષ્કર્મ ગુજારી નિર્મમ હત્યાના કેસમાં ૩૫ વર્ષ બાદ પણ હજુ તપાસ ચાલી રહી છે.

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં રહેતી સરલા ભટ્ટ શેરે કાશ્મીર આયુર્વિજ્ઞાન સંસ્થાન સૌરા શ્રીનગરમાં નર્સ હતી. એપ્રિલ, ૧૯૯૦માં જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (JKLF)ના આંતકવાદીઓએ તેનું અપહરણ કર્યું હતું. બાદમાં અનેક દિવસો સુધી તેના પર સામૂહિક દુષ્કર્મ કરી અંતે તેની હત્યા કરી દીધી હતી. હત્યા બાદ મૃતદેહ ડાઉનટાઉન શ્રીનગરના રસ્તા પર ફેંકી દીધો હતો. પોલીસ અને સુરક્ષા એજન્સીએ આજે JKLFના આઠ આતંકવાદીના ઘરે દરોડા પાડ્યા હતાં. આ દરોડામાં યાસિન મલિકનું ઘર પણ સામેલ છે. યાસિન મલિક પર પણ આતંકી પ્રવૃત્તિઓ કરવા તેમજ ફંડિંગનો કેસ ચાલી રહ્યો છે. જે તિહાર જેલમાં બંધ છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે ભટ્ટે પંડિતોને સરકારી નોકરી છોડી દેવા અને ખીણ છોડવા માટે આતંકવાદીઓના આદેશોનો વિરોધ કર્યો હતો, અને JKLFના અધિકારને ખુલ્લેઆમ પડકાર્યો હતો, જેના કારણે તેની હત્યા થઈ હતી. આટલે ન અટકતાં JKLFના આતંકીઓએ ભટ્ટના પરિવારને પણ અનેક ધમકીઓ આપી હતી. વધુમાં સ્થાનિક લોકોએ તેના અંતિમ સંસ્કારમાં હાજરી ન આપવા પણ ધમકી અપાઈ હતી. ગયા વર્ષે આ કેસ SIAને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે શોધખોળથી "ગુનાહિત પુરાવા" મળી આવ્યા છે જે ભટ્ટ અને તેના પરિવારને ન્યાય અપાવવાના ઉદ્દેશ્ય સાથે "સમગ્ર આતંકવાદી કાવતરાનો પર્દાફાશ" કરવામાં મદદ કરશે. આ આતંકીઓના ઘરે પાડ્યા દરોડા

૧. જાવેદ અહમદ મીર ઉર્ફ નલકા પુત્ર ગુલામ નબી મીર (રહે. ઝૈનાકદલ)

૨. મોહમ્મદ યાસીન મલિક પુત્ર ગુલામ કાદિર મલિક (રહે. મૈસુમા, શ્રીનગર- હાલમાં તિહાર જેલમાં બંધ)

૩. પીર નૂર ઉલ હક શાહ ઉર્ફ એર માર્શલ પુત્ર પીર ગુલામ રસૂ શાહ (રહે. ઈલાહી બાગ, બુચપોરા, શ્રીનગર)

૪. અબ્દુલ હમીદ શેખ પુત્ર અબ્દુલ કબીર શેખ (રહે. દંદરકાહ, બટમાલુ- એકાઉન્ટરમાં માર્યો ગયો)

૫. બશીર અહમદ ગોજરી પુત્ર ગુલામ રસૂલ ગોજરી (રહે. કદિકાદલ સોકાલીપોરા, શ્રીનગર)

૬. ફિરોઝ અહમદ ખાન ઉર્ફ જાન મોહમ્મદ ઉર્ફ જાના કાચરૂ પુત્ર ગુલામ અહમદ ખાન (રહે. સજગરીપોરા, શ્રીનગર)

૭. ગુલામ મોહમ્મદ ટપલુ પુત્ર અસદુલ્લા ટપલુ (રહે. ટીપલુ મોહલ્લા અંચાર)

૮. ગુલામ મોહમ્મદ ટપલુ પુત્ર અસદુલ્લા ટપલુ (રહે. એપી અલ-હમઝા કોલોની, અહેમદનગર, શ્રીનગર)




# તંત્રી લેખ......

## સંસદની ખોરવાતી કાર્યવાહી

સંસદની કાર્યવાહી ખોરવવાનો ભારતીય લોકશાહી માટે ચિંતાજનક સીલસીલો યથાવત રહ્યો છે. ચોમાસુ સત્રની અત્યાર સુધીની કાર્યવાહી વિપક્ષની ધાંધલ ધમાલમાં ધોવાઈ ગઈ છે. સત્રના બાકીના દિવસોમાં પણ વિપક્ષ યેનકેને પ્રકારે ધાંધલ કરીને લોકશાહીનાં મંદિર સમાન સંસદને ખોરવવાનું ચાલુ રાખી શકે છે એવા અમંગળ એંધાણ મળી રહ્યા છે. સરકારે વિવિધ ખરડા પસાર કરાવવાની સંસદીય તૈયારી કરી રાખી છે, પણ આ તૈયારી ફળીભૂત થાય એમ જણાતું નથી. સરકારે તમામ મુદા પર ગૃહમાં ચર્ચાની તૈયારી બતાવીને વિપક્ષને હકારાત્મક સંકેત આપ્યા હતા, પણ વિપક્ષે પોતાનો એકમાત્ર એજન્ડા ધાંધલનો હોવાની પ્રતિતિ અત્યાર સુધી કાર્યવાહીને ખોરવીને કરાવી આપી છે. આમ તો સંસદનાં આ લાંબા સત્રના આરંભ અગાઉ સરકારે વિપક્ષી નેતાઓની બેઠકમાં ખાતરી આપી હતી કે, બિહારના મતદારયાદી સુધારણા અભિયાનથી માંડીને ઓપરેશન સિંદૂર અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવા સહિતના તમામ મુદા પર વિગતે ચર્ચા કરાવાશે. આ ખાતરીનાં પાલનના પ્રથમ ચરણમાં ઓપરેશન સિંદૂર અંગે ચર્ચા હાથ ધરાઈ અને સરકારે તમામ મુદાનો જવાબ પણ સંસદમાં આપ્યો, પણ સંસદની કાર્યવાહીને ખોરવવાના બહાના શોધતા રહેતા વિપક્ષે હવે બિહારમાં મતદારયાદી સુધારવાની ખાસ ઝુંબેશના મુદાને આગળ ધરીને ધાંધલ મચાવવી શરૂ કરી છે. ગયા સપ્તાહે સંસદની મોટાભાગની કાર્યવાહી વિપક્ષની આ ધમાલમાં ધોવાઈ ગઈ હતી. રાજ્યસભામાં ગયા સપ્તાહ સુધી પ૬ કલાક જેટલો સમય ધમાલને કારણે વ્યય થયો હોવાના આંકડા છે. સવાલ એ છે કે, નાગરિકોના પરસેવાની કમાણીનો આ દુરૂપયોગ કેટલા અંશે વ્યાજબી છે. હાલત એવી છે કે, છેલ્લા લાંબા સમયથી વિપક્ષ યેનકેન પ્રકાર સંસદમાં કાર્યવાહી ખોરવે છે. વિપક્ષી સભ્યો કોઈ પણ મુદ્દે સૂત્રોચ્ચાર કરે છે અને અધ્યક્ષની ખુરશી તરફ ધસી ગયા છે. વિના કારણ ગ્રાહ્ય રહી શકે એવી માગણીઓ કરીને સરકારની ઉપર દોષનો ટોપલો ઢોળવાની વિપક્ષની નીતિ હોવાનું તેમનાં વર્તન પરથી જણાઈ રહ્યંઅ છે. આમ તો હાલમાં વિપક્ષની સંસદમાં ધાંધલ ધમાલ કરવાની નીતિ રીતી નવી નથી. છેલ્લા લગભગ બે દાયકાથી વિપક્ષી સભ્યએ સંસદમાં કાર્યવાહીને ચાલતી રોકવાના તમામ ત્રાગાં કર્યા છે. વિપક્ષી સભ્યોનાં મનમાં એવી છાપ પડી ગઈ હોય તેમ જણાય છે કે, સંસદની કાર્યવાહી દરમ્યાન ધાંધલ કરીને તેઓ દેશના લેકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરી શકશે, પણ તેઓ એ વાત વિસરી જાય છે કે, આમ કરીને તેઓ લોકશાહીની સ્વચ્છ પરંપરાને ખરડાવી રહ્યા છે. ખરેખર તો સંસદનાં સત્રને વધુને વધુ ઉપયોગી બનાવવાની અનિવાર્યતા વિપક્ષ અને સરકાર પક્ષ બન્ને પાટલીના નેતાઓએ સમજી લેવાની ખાસ જરૂરત છે. સંસદ જેટલા વધુ ખરડા પસાર કરી શકશે અને જેટલા મુદા પર વધુ ચર્ચા કરી શકશે તે દેશહિત અને લોકહિત બની રહેશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૨૬૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૩ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૫ લપસ્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૭૨૫.૫૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૮૧૮.૯૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૮૪.૦૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૨૭૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૬૫૪૬.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૭૨૫.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૮૧૮.૯૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૮૯.૮૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૮૪.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૩૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૩૯૬ અને નીચામાં રૂ.૯૯૯૭૯ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૩૨૨ના આગલા બંધ સામે રૂ.૨૬૩ ઘટી રૂ.૧૦૦૦૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૧ ઘટી રૂ.૮૦૧૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૧૦૦૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૪ ઘટી રૂ.૯૯૫૨૧ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૦૦૦ અને નીચામાં રૂ.૯૯૫૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૮૮૦ના આગલા બંધ સામે રૂ.૨૨૬ ઘટી રૂ.૯૯૬૫૪ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૨૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૭૫૦ અને નીચામાં રૂ.૧૧૩૦૫૭ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩૨૯૬ના આગલા બંધ સામે રૂ.૧૫૩ ઘટી રૂ.૧૧૩૧૪૩ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૬૦ ઘટી રૂ.૧૧૨૮૯૧ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૧૫ ઘટી રૂ.૧૧૨૮૩૫ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૮૬૪.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૩.૧ વધી રૂ.૮૮૭.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૧.૪૫ વધી રૂ.૨૭૦ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૧.૮૫ વધી રૂ.૨૫૪.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૧૮૦.૮૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૫૩૨.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૪ અને નીચામાં રૂ.૪૪૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧ ઘટી રૂ.૪૪૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૬૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૪૬ અને નીચામાં રૂ.૫૫૯૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૨ના આગલા બંધ સામે રૂ.૧૫ ઘટી રૂ.૫૫૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૫૫૯૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૪૦ પૈસા વધી રૂ.૨૫૮.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૫૮.૯ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૩.૪ના ભાવે ખૂલી, રૂ.૧૬.૩ ઘટી રૂ.૧૦૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૫ ઘટી રૂ.૨૪૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૬૫૨૦.૮૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૬૬૩.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૨૦.૪૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૯૬.૫૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૩.૭૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૩.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૭.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૭૪.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૮૫૦.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૭.૬૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૪૦ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૩૭૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૮૬૦૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૨૧૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૮૧૫૮૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૬૪૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૪૪૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૮૯૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૮૩૬૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૧૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૪૫૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૮૧૨૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૨૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૩૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૨૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૯૩ પોઈન્ટ ઘટી ૨૩૨૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૭૯.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૧૦.૮ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૨ ઘટી રૂ.૯૦૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૧૩૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૯ પૈસા વધી રૂ.૬.૨ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૩ પૈસા વધી રૂ.૨.૭૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૪ વધી રૂ.૮૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૧૧.૮ થયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯ વધી રૂ.૧૨૬૦.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૦ વધી રૂ.૧૯૮૦ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૮ પૈસા ઘટી રૂ.૪.૩૧ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૪ પૈસા ઘટી રૂ.૧.૦૬ના ભાવે બોલાયો હતો.

### ગાંધીનગરની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ બની આરોગ્ય મંદિર

# ગુજરાતની એવી આયુર્વેદિક હોસ્પિટલ જ્યાં દેશ - વિદેશથી દર્દીઓ કરાવે છે નિશૂલ્ક ઉપચાર

### દર્દીની સારવાર કરી આયુર્વેદ પ્રત્યે સકારાત્મક ભાવ જગાડે તે પ્રકારની ચિકિત્સા પદ્ધતિ એટલે આયુર્વેદિક ઉપચાર



સરકારી હોસ્પિટલમાં કોણ જાય? ત્યાં તો કેવી સારવાર થતી હશે? આવો પ્રશ્ન કેટલાક દર્દીના મનમાં થતો હોય છે, પણ ગાંધીનગર સેક્ટર-૨૨માં આવેલી આયુર્વેદિક હોસ્પિટલ જ્યાં ૩૩ વર્ષથી સરકારી સેવા આપતા વૈધ શ્રી રાકેશ ભટ્ટની દર્દીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વૈધ શ્રી રાકેશ ભટ્ટ પ્રતિદિન આયુર્વેદિક હોસ્પિટલમાં ૨૦૦ જેટલા દર્દીઓની સારવાર કરે છે. આ આયુર્વેદિક હોસ્પિટલમાં દેશ – વિદેશથી દર્દીઓ સારવાર અર્થે આવે છે અને સાજા થઈને આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની સાથે રાજ્ય સરકારનો પણ આભાર માને છે. આ આયુર્વેદિક હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને વૈધ શ્રી રાકેશ ભટ્ટે જણાવ્યું હતું કે, સરકારી આયુર્વેદિક કોલેજમાં ભણીને તા. ૦૪ મે ૧૯૯૨ થી વિવિધ આયુર્વેદ હોસ્પિટલમાં અંદાજિત ૩૩ વર્ષથી દર્દીઓની સેવા કરી રહ્યો છું તે માટે ગુજરાત સરકારનો આભાર માનું છું. આપણા દેશમાં પ્રાચીન સમયથી ગ્રંથો અને પુરાણોમાં આયુર્વેદ શાસ્ત્રનું ઘણું જ મહત્વ દર્શાવવા આવ્યું છે. વર્તમાન સમયમાં જલ્દી સાજા થવાની જિજીવિષાને કારણે નાગરિકો આયુર્વેદને ભૂલીને અન્ય દવાઓ લેવા મજબૂર થયા છે જે શરીર માટે લાંબા ગાળે નુકશાનકારક છે.

વધુમાં વૈધશ્રીએ જણાવ્યું છે કે, ચિકનગુનિયાનો રોગ વર્ષ -૨૦૦૬માં ખુબ ફેલાયો હતો, ત્યારબાદ અમે રિસર્ચ કરીને એક આયુર્વેદિક ઉકાળો બનાવ્યો હતો. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સૂચનાના આધારે તે આયુર્વેદિક ઉકાળાનો ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી ખાતે દર્શનાર્થે આવતા અંદાજે ૬ લાખથી વધુ ભક્તોએ લાભ લીધો હતો. આ સફળતા બાદ ચિકનગુનિયાનો રોગ મટાડતા આયુર્વેદિક ઉકાળાનો સામાન્ય નાગરિકો પણ સાવચેતીના ભાગરૂપે તેનો ઉપયોગ કરતા થયા છે. ચિકનગુનિયાના રોગ પછી રાજ્યના નાગરિકોમાં સ્વાભાવિક રીતે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ વિશે વધુ જાગૃતિ આવી અને આયુર્વેદિક હોસ્પિટલનો દર્દીઓ લાભ લેતા થયા. કોરોનાના સમયગાળા દરમિયાન રાજ્યના નાગરિકોએ વિવિધ આયુર્વેદિક ઉકાળા દ્વારા પોતાની ઈમ્યુનિટીમાં વધારો કરીને કોરોનાને હરાવ્યો હતો. વધુમાં શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે, સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું એ આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની પ્રાથમિકતા રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મેદસ્વિતા મુક્ત ભારત' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

આ અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વધુ વેગવંતુ બન્યું છે. જેના પરિણામ સ્વરૂપે તાજેતરમાં ગાંધીનગરની આયુર્વેદિક સરકારી હોસ્પિટલમાં અમદાવાદ જિલ્લાના ૧૦૪ કિ.લો વજન ધરાવતા એક દર્દીનું પંચકર્મ, વિરેચન કર્મ તેમજ લેખન બસ્તિ જેવી આયુર્વેદિક ઉપચાર પદ્ધતિ દ્વારા તેમનું ૨૬ કિ.લો જેટલું વજન ઘટાડવામાં સફળતા મળી છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના એક દર્દી ૨૦ વર્ષથી અનિદ્રાની બીમારીથી પીડાતા હતા તેને સીરોધારા, નસ્ય, યોગાભ્યાસ અને આયુર્વેદિક દવાઓ આપી તેને અનિદ્રામાંથી મુક્તિ અપાવી હતી.

વધુમાં શ્રી રાકેશે ઉમેર્યું હતું કે, આ હોસ્પિટલમાં લાઈફસ્ટાઈલને લગતા દર્દીઓ, ચામડીના દર્દીઓ, સાંધાનાં દુખાવા- રૂમેટોલોજી, સાઈટીકા, સોરાઈસીસના દર્દીઓ વધુ પ્રમાણમાં આવે છે. આ ઉપરાંત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતથી પ્રેરણા લઈને અમારી હોસ્પિટલમાં સારવાર અર્થે જે દર્દી દાખલ થાય છે તેને હોસ્પિટલમાં જ પ્રાકૃતિક ખેતી દ્વારા તૈયાર કરાયેલો ખોરાક આપવામાં આવે છે તેમજ દર્દીને પ્રાકૃતિક ખેતીના ફાયદા અંગે સમજણ આપી જાગૃત કરવામાં આવે છે.

વધુમાં શ્રી ભટ્ટે જણાવ્યું કે, હા એ સાચું છે કે, આયુર્વેદ એ શરીરને ધીરે ધીરે અસર કરે છે, એનું પરિણામ તુરંત મળતું નથી. પરંતુ એટલું જ સત્ય એ પણ છે કે આયુર્વેદ દ્વારા કરાયેલો ઈલાજ રોગને જળમૂળમાંથી નાશ કરે છે. જ્યારે અન્ય દવાઓ થકી એક રોગ બહાર કાઢતા તમે બીજા રોગના ભોગ બનો છો. આજના સમયમાં દિનચર્યા, ઋતુચર્યા, દર્દીની પ્રકૃતિને ધ્યાને લઈને તેઓનો આહાર—વિહાર નક્કી કરવામાં આવે છે. આજે નાગરિકોમાં આયુર્વેદ પ્રત્યે જાગૃતિ આવી છે. સચિવાલયમાં સનદી અધિકારીઓએ પણ આયુર્વેદ ઉપચાર પદ્ધતિ અપનાવી તેમની લાઈફસ્ટાઈલને લગતી બીમારીઓ દુર કરી રહ્યા છે જે સૌ માટે પ્રેરણાદાયી છે. કોઈ પણ રોગના જડમૂળથી નિદાન માટે દર્દીઓએ આયુર્વેદ ઉપચાર પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

-પ્રિન્સ ચાવલા

### મહાયુતિ સરકારમાં નારાજગીના સમાચાર સામાન્ય છે

# બહુમતી છતાં મહારાષ્ટ્રમાં NDAમાં આંતરિક વિખવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં નારાજગીના સમાચાર સામાન્ય છે. આ વચ્ચે આજે ૧૨ ઓગસ્ટના રોજ કેબિનેટની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં ઉપ-મુખ્યમંત્રી અને શિવસેનાના અધ્યક્ષ એકનાથ શિંદે હાજર રહ્યા નહોતા. તેઓ રવિવારથી જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં હતા.

એટલું જ નહીં, તાજેતરમાં જ એકનાથી શિંદે વિધાનસભા સત્રની વચ્ચે દિલ્હી આવ્યા હતા. અહીં તેમણે અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમજ આજની બેઠકમાં તેમની ગેરહાજરીના કારણે મહારાષ્ટ્રની NDA સરકારમાં બધું બરાબર છે કે નહીં, તે સવાલ ફરી ઉઠવા લાગ્યો છે. અટકળોને વધુ વેગ એટલા માટે મળી રહ્યો છે કારણ કે તેમના નજીકના મંત્રી ભરત ગોગાવાલેએ પણ આ બેઠકમાં હાજરી આપી નહોતી.

એવું માનવામાં આવે છે કે એકનાથ શિંદે પોતાને અને તેમના મંત્રીઓને અવગણવામાં આવતા હોવાથી નારાજ છે. ભલે તેમની પાસે હાલ વિકલ્પોની કમી હોય અને આ સમયે સાથ છોડવો યોગ્ય ન હોય, પરંતુ અંદરખાને નારાજગી યથાવત છે. તેમની એક ચિંતા એ પણ છે કે દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં શિવસેના કરતાં અજિત પવાર અને તેમના લોકોને વધુ મહત્ત્વ મળી રહ્યું છે.

તેમજ ગોગાવાલેની નારાજગી અંગે એવું અહેવાલ છે કે તેમને રાયગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ન બનવવાના કારણે તેઓ નારાજ છે. NCPના અદિતિ તટકરેના નામ પર શિવસેના ભડકી ગઈ હતી, જેના કારણે અદિતિ તટકરેનું નામ પાછું ખેંચી લેવામાં આવ્યું, અત્યાર સુધી આ જિલ્લામાં પ્રભારી મંત્રીની જાહેરાત થઈ નથી.

જોકે અદિતિ તટકરેને જ રાયગઢ જિલ્લા મુખ્યાલયમાં ૧૫ ઓગસ્ટ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે જવાનો મોકો મળશે અને ત્યાં ધ્વજ ફરકાવશે. આનાથી શિવસેનામાં નારાજગી હોવાનું કહેવાય છે. શિવસેનાનો આ જિલ્લામાં દાવો રહ્યો છે કે અમારી સ્થિતિ અહીં મજબૂત છે. આવા સંજોગોમાં અમારા નેતા ગોગાવાલેને જ જિલ્લાના પ્રભારી મંત્રી જાહેર કરવા જોઈએ. એવું માનવામાં આવે છે કે હાલમાં એકનાથ શિંદેના મીટિંગથી દૂર રહેવા અને ગોગાવાલેના પણ ન જવા પાછળનું આ જ સૌથી મોટું કારણ છે.

# સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત રેલવે સ્ટેશન પર બે બાળકો સાથે માતા માલગાડી ટ્રેન આગળ સૂઈ ગઈ હતી. જોકે, ટ્રેનની અડફેટે આવતા મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બંને બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

હાલ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે (૧૨ ઓગસ્ટ) ૨૭ વર્ષીય મહિલા બે બાળકો ૩ વર્ષીય પુત્ર અને ૫ વર્ષીય પુત્રી સાથે બપોરે ૧૨ વાગ્યે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ની આગળ પહોંચી હતી. આ દરમિયાન એક માલગાડી પસાર થતા ટ્રેન આગળ મહિલા બાળકો સાથે સૂઈ ગઈ હતી. ટ્રેનની અડફેટે આવતા મહિલાના શરીરના બે ટુકડાં થઈ ગયાં હતાં. જ્યારે બંને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે સ્થળ ઉપર મુસાફરો તેમજ સ્ટાફ સહિતના લોકોની ભારે ભીડ એકત્ર થઈ ગઈ હતી. હાલ આ મહિલા કોણ છે તે અંગે રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે.

### ૧૫મી ઓગસ્ટથી ટ્રમ્પ સરકારનો નવો નિયમ અમલી બનશે

# H-1B વિઝાધારકોના બાળકો ગ્રીન કાર્ડનો હક ગુમાવે તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આક્રમક ઈમિગ્રેશન નીતિનો કોરડો હવે એચ1બી વિઝાધારકો પર વિંઝાયો છે. અમેરિકાની ઈમિગ્રેશન નીતિમાં 15મી ઓગસ્ટથી અમલી થનારા ફેરફારોને કારણે હજારો બાળકોની ગ્રીન કાર્ડ મેળવવાની શક્યતાઓ અત્યંત પાંખી થઈ જશે. એચ1બી વિઝાધારકોમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ હોવાના કારણે આ ફેરફારની સૌથી વધુ અસર ભારતીય બાળકો પર થશે. આ ઉપરાંત અમેરિકામાં નહીં જન્મેલાં અને માબાપના એમ્પ્લોયમેન્ટ વિઝા સાથે સંલગ્ન દાયકાઓ જૂના ગ્રીન કાર્ડ બેકલોગમાં ફસાયેલાં બાળકો પર પણ તેની અસર થશે. નવા ફેરફારો અનુસાર, એચ1બી વિઝાધારકોની ગ્રીન કાર્ડ માટેની પ્રક્રિયા ચાલુ હશે અને એ સમયગાળા દરમિયાન જો તેમના બાળકો 21 વર્ષના થઈ જશે તો તેમનું પ્રોટેક્ટેડ ઈમિગ્રેશન સ્ટેટસ ગુમાવી દેશે. આ નવા ફેરફારથી આશરે 2 લાખથી વધુ બાળકો અને કિશોરો પર અસર થશે. વર્તમાન નિયમો અનુસાર, માબાપની માન્ય અરજીના માધ્યમથી માન્ય પરમેનન્ટ રેસિડન્ટનો દરજ્જો હાંસલ કરવા માટે અપરણિત બાળકની ઉંમર 21 વર્ષથી ઓછી હોવી જોઈએ. ગ્રીન કાર્ડ અરજીની પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન જો બાળકની ઉંમર 21 વર્ષ થઈ જાય તો સામાન્ય રીતે તેની યોગ્યતા સમાપ્ત થઈ જાય છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશ સર્વિસિસ (USCIS) દ્વારા આ અંતર્ગત ચાઈલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન એક્ટ (CSPA) હેઠળ બાળકની ઉંમરની ગણતરી કરવા માટે તેના નિયમોમાં થયેલાં ફેરફારની જાહેરાત કરી હતી. આ નવા બદલાયેલા નિયમો 15 ઓગસ્ટ, 2025ના રોજ કે તે પછીથી કરાનારી ગ્રીન કાર્ડ માટેની અરજીઓને લાગુ પડશે. આ ફેરફારનો હેતુ ગ્રીન કાર્ડ ઈચ્છતા પરિવારો માટે અરજીની પ્રક્રિયા સરળ અને એકસમાન બનાવવાનો છે. નવા નિયમ હેઠળ, USCIS હવે CSPA હેઠળ ઉંમરની ગણતરી કરવા માટે વિઝા ક્યારે ઉપલબ્ધ ગણવામાં આવે છે તે નક્કી કરવા માટે ડિપાર્મટેન્ટ ઓફ સ્ટેટના વિઝા બુલેટિનના ફાઈનલ એક્શન ડેટ્સ ચાર્ટ પર આધાર રાખશે.15મી ઓગસ્ટ પૂર્વે સબમિટ કરાયેલી અરજીઓની સમીક્ષા અગાઉ 14 ફેબ્રુઆરી, 2023ના રોજ જારી કરાયેલી જૂની નીતિ હેઠળ કરવામાં આવશે. આ નવા નિયમોની સૌથી વધુ અસર ભારતીયોને થશે કારણકે, એચ1બી વિઝાધારકોમાં તેમની સંખ્યા સૌથી વધુ છે. નાણાકીય વર્ષ 2023માં મંજૂર કરાયેલી એચ1બી વિઝાની અરજીઓમાં 73 ટકા ભારતીયોની હતી. પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, 2010ની સાલથી એચ1બી વિઝાનો મહત્તમ લાભ ભારતમાં જન્મેલાં લોકોને થઈ રહ્યો છે. યુએસસીઆઈએસે વધુમાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે, ફેમિલી સ્પોન્સર્ડ, રોજગાર-આધારિત, અથવા ડાયવર્સિટી વિઝા માટે તેમના માતાપિતાની માન્ય અરજીના આધારે યુ.એસ.માં કાયદેસર પરમેનન્ટ રેસિડેન્ટનો દરજ્જો મેળવવા માટે અપરિણિત વિદેશી બાળક 21 વર્ષથી ઓછી ઉંમરનું હોવું આવશ્યક છે. પરંતુ જો ઈમિગ્રેશન પ્રક્રિયા દરમિયાન બાળક 21 વર્ષનું થાય, તો તેઓ સામાન્ય રીતે તેમના માતાપિતાની અરજીના આધારે ઈમિગ્રેટ કરવા માન્ય રહેશે નહીં.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad, -380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad, -380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# સચિવ પટેલીયાના રાજમાં સાબરકાંઠા જિલ્લાની માર્ગ-મકાન વિભાગની કચેરીઓ રામ-ભરોસે : અધિકારીઓના બદલે કોન્ટ્રાકટરોનો અડીંગો

## કાર્યપાલક ઈજનેર આઈ કે પટેલ ખુદ નાયબ કાર્યપાલક ઈજનેરની ભાષા બોલી ભ્રષ્ટ અધિકારીઓને છાવરતા હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ભલે ગંગાજળ ઓપરેશન અભિયાન ચલાવી રહ્યા હોય પરંતુ અભિયાનની અસર સાબરકાંઠા જિલ્લામાં સહેજ પણ અધિકારીઓ પર દેખાતી નથી, અગાઉ માર્ગ મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેર રાઠોર ને ઘર ભેગા કર્યા તેમ છતાં હજુ અધિકારીઓને ગંગાજળ ઓપરેશન અભિયાનનો સહેજ પણ ડર દેખાતો નથી. સરકાર દ્વારા માર્ગ મકાન વિભાગની જવાબદારી પટેલીયાને હાલમાં સરકાર દ્વારા સોંપવામાં આવી છે તેમ છતાં પટેલીયાના રાજમાં આજે પણ સાબરકાંઠા જીલ્લાની મોટાભાગની માર્ગ મકાન વિભાગની કચેરીઓ કોન્ટ્રાકટરોને ભરોસે ચાલી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. કચેરીઓમાં અધિકારી પણ અને કોન્ટ્રાકટર કોણ તે જ ખબર પડતી નથી, ખુદ કયારેક કેટલીક વાર કોન્ટ્રાકટરો પોતે અધિકારી બની મીડીયાને અધિકારી હોવાનું રટણ કરતા હોવાનુ પણ જાણવા મળી રહ્યુ છે. આજે સાબરકાંઠા જિલ્લાની માર્ગ મકાન વિભાગ (પંચાયત) ની કચેરીમાં ગરવી ગુજરાતની રીયાલીટીમાં જ અધિકારી જવાબ આપવાને બદલે કામ છે તેવુ કહી ચાલ્યા જતા અધિકારીની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. ભુપેન્દ્ર પટેલ ભલે રાજયના રોડ રસ્તાઓના ખાડા પુરવા કે રીસર્ફેસીંગ કામ માટે લાખો કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવી રહ્યા હોય પરંતુ અહીંયા સાબરકાંઠા જિલ્લામાં તો રીતસર વાડ ચીભડા ગળતી હોય તેવુ દેખાઈ રહ્યુ હતું. વાડ ચીભડા ગળતી હોય તો ફરીયાદ કોને કરવી તે કહેવત અનુસાર ખુદ કાર્યપાલક ઈજનેર આઈ કે પટેલ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ભાષા બોલી રહ્યા હતા.

અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરવાને બદલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં કાર્યપાલક ઈજનેર આઈ કે પટેલ કહી રહ્યા હતા કે શું માહિતી જોઈએ છે, નાયબ કાર્યપાલક ઈજનેર ગરવી ગુજરાતના સવાલોના જવાબ આપવાને બદલે પોતાનુ સરકારી વાહન લઈને કામ છે તેવુ કહીને ચાલ્યા જતા પ્રાંતિજ નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન (પંચાયત) ના અધિકારીની તપાસ જરૂરી બની રહી છે. આ અંગે ગાંધીનગર સીએમઓ માં ફોન કરતા અધિકારીઓએ જણાવ્યુ હતું કે અધિકારી વિરૂધ્ધ જે પણ સીએમ ને ફરીયાદ કરવી હોય તે તમો કરી શકો છો. આ અંગે પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને આ અંગે પુછવામાં આવતા તેઓ મીડીયાને પુછી રહ્યા હતા કે નાયબ કાર્યપાલક ઈજનેર કોણ છે ? આમ પ્રાંતિજના ધારાસભ્યને પણ ખબર નથી કે મત વિસ્તારમાં કયો અધિકારી કયાં કામ કરે છે અને તેનુ શું નામ છે માત્ર ફેસબુક ઉપર સસ્તી પ્રસિધ્ધી મેળવવા માહિર બનેલા ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે પણ હવે પ્રજાના કામો માટે જાગૃત રહેવુ પડશે. નહીતર આગામી વિધાનસભાની ચુંટણીઓમાં ગુલ્લી મારનાર અધિકારીઓ જીતાડવાના નથી, માત્ર પ્રજામાં કરેલા કામો નો હિસાબ થવાનો છે.

# પ્રજાની પરસેવાની કમાણીથી બનાવવામાં આવેલી બોર્ડ વગરની સરકારી કચેરીઃ તે પણ ગેરકાયદેસર હોવાનુ ચર્ચાયું





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આ બિલ્ડીંગ તસવીરમાં પ્રથમ નજરે જોઈએ તો કોઈ અધિકારીનો બંગલો કે ધારાસભ્યનુ નિવાસસ્થાન હોય તેવુ લાગી રહ્યુ છે. પરંતુ બિલ્ડીંગન અંદર જઈને તપાસ કરતા આ બિલ્ડીંગ સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના માર્ગ મકાન વિભાગ પંચાયતની બિલ્ડીંગ છે. નવાઈની વાત તો એ છે કે કચેરીની બહાર ન તો કચેરીનુ બોર્ડ કે ન તો અધિકારીની ચેમ્બર બહાર લગાડવામાં આવેલી નેમ પ્લેટ,

ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું માર્ગ મકાન વિભાગ દ્વારા અધિકારીઓ, કર્મચારીઓને દિવસભર આરામ કરવા માટે સર્કિટ હાઉસ ઉભુ કર્યુ છે કે શું તો બીજી તરફ કચેરીની બહાર જાહેર જનતાને જણાવવાનું કે મોજે તા.પ્રાંતિજ સાબરકાંઠા ના સર્વે નં. ૨૧/૪૮ વાળી જગ્યા પ્રમુખશ્રી સાબરકાંઠા જિલ્લા પંચાયતની માલીકીની હોય તેમાં કોઈએ કોઈપણ પ્રકારનુ દબાણ અથવા ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવો નહી, ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું આ કચેરી ગેરકાયદેસર તો બનાવવામાં નથી આવીને, એક તરફ જિલ્લા પંચાયત ના પ્રમુખની માલીકીનુ બોર્ડ લગાડેલ છે તો બીજી તરફ સરકારી તંત્ર દ્વારા બિલ્ડીગ બનાવવામાં આવેલી છે શું આ બિલ્ડીંગ ગેરકાયદેસર હશે તો તોડી પાડવામાં આવશે ? આમ અનેક સવાલો આ બિલ્ડીંગ પાછળ ઉભા થઈ રહ્યા છે.

# આર પી પટેલના નિવેદન પર વિરોધનો વંટોળ : ગીતા પટેલે આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું : કરોડપતિ હોવાથી તમને ૧૦ બાળકો ખપે





પ્રતિનિધિ,ગાંધીનગર

પાટીદાર સમાજના અગ્રણી આર પટી પટેલે ૩ થી ૪ બાળકો પેદા કરવાના કરેલા નિવેદનની પાટીદાર સમાજના અન્ય અગ્રણી ગીતા પટેલે આકરી ટીકા કરી છે, ગીતા પટેલે જણાવ્યુ હતુ કે આર પી પટેલ કરોડપતિ હોવાથી તેમને ૧૦ બાળકો પેદા કરવા સહેલા લાગી શકે છે પરંતુ વર્તમાન સમયમાં સામાન્ય પરીવાર માટે બે બાળકોનો ઉછેર કરવો પણ ખુબ મુશ્કેલ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે આવા નિવેદનો આપતા પહેલા મહિલાની સ્થિતિ અને ભવિષ્યમાં બાળકોના પાલન પોષણની જવાબદારી અંગે વિચારવુ જોઈએ.

ગીતા પટેલે આર પી પટેલના નિવેદનને માત્ર રાજકીય ગણાવ્યો અને જણાવ્યુ હતુ કે સમાજના આગેવાનોએ રાજકારણ કરવાને બદલે વાસ્તવિક સામાજિક સમસ્યાઓ પણ ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. તેમણે ચિંતા વ્યકત કરતા કહ્યુ કે આજે આપણા યુવાનો બેરોજગાર છે અને નશાખોરી તરફ વળી રહ્યા છે. આ ઉપરાંત દિકરીઓના ભવિષ્ય, કોર્ટ મેરેજ, અને પરીવાર દ્વારા સામુહિક આત્મહત્યા જેવી ગંભીર ઘટનાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. તેમણે સવાલ કર્યો કે શું આપણે ૪ બાળકો પેદા કરીને તેમને ૨૦ વરસ પછી ભીખ માંગવા માટે રસ્તા પર છોડી દેવાના છે ?

ગીતા પટેલે આજના સમયની કળવી વાસ્તવિકતાનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે આજે એક કે બે બાળકોને ભણાવવા માટે પણ લોન લેવી પડે તેવી સ્થિતિ છે, આ ઉપરાંત આરોગ્યના ખર્ચાઓ પણ વધી રહ્યા છે, જેમાં બાળકોની બિમારીથી માંડીને વડીલોના દવા ખર્ચાનો પણ સમાવેશ થાય છે, તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે સમાજના આગેવાનોએ સનાતન ધર્મ બચાવવાની વાત સાચી છે , પરંતુ ૪ બાળકો પેદા કરીને તેમની જવાબદારી કોણ લેશે ? તેમણે ગુજરાતમાં પાટીદાર સમાજના છોકરાઓને ગામડામાં છોકરીઓ મળતી ન હોવાની ગંભીર પરીસ્થિતિ તરફ પણ ધ્યાન દોર્યુ હતું અને સમાજના આગેવાનોને આવા સામાજિક મુદાઓની ચિંતા કરવા વિનંતી કરી હતી.

# ભાવનગર રેલવે મંડળ કચેરી દ્વારા "તિરંગા બાઈક રેલી"નું આયોજન



ભાવનગર મંડળ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ દરરોજ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં મંડળ કચેરી ખાતે ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર)ના રોજ તિરંગા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળના અધિકારીઓ, કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળના જવાનો અને સ્કાઉટ એન્ડ ગાઈડના સભ્યો ભાગ લીધા. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના પ્રસ્થાન સંકેતથી આ તિરંગા બાઈક રેલીની શરૂઆત કરવામાં આવી. આ તિરંગા બાઈક રેલી સવારે ૭.૩૦ વાગ્યે અધિકારી વિશ્રામ ગૃહ (ORH)માંથી નીકળી મંડળ કચેરીથી નીલમબાગ સર્કલ, ત્યારબાદ જવેલ સર્કલ અને આરટીઓ સર્કલ થઈને પાછી મંડળ કચેરી ખાતે પૂર્ણ થઈ.

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે આઝાદીનો જશ્ન મનાવવા અને રાષ્ટ્રીય ધ્વજ તિરંગા પ્રત્યે માન વ્યક્ત કરવા માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. સ્વતંત્રતા દિવસના આગમનના અવસરે મંડળ કચેરી, રેલવે મ્યુઝિયમ અને ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનને તિરંગાની લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા ભાવનગર મંડળ કચેરી ખાતે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે.

ભાવનગર ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર ભાવનગર મંડળમાં "હર ઘર તિરંગા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેનો હેતુ સામાન્ય જનતા અને રેલ કર્મચારીઓના મનમાં દેશભક્તિની ભાવના જગાવવાનો છે અને જનભાગીદારીની ભાવના સાથે આઝાદીના ૭૮મા વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે. "હર ઘર તિરંગા" અભિયાનમાં રેલ કર્મચારીઓ, તેમના પરિવારજનો અને સામાન્ય નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# નિકોલના ધારાસભ્ય બાબુભાઈ પટેલનો પ્રજાએ ઉધડો લેવાના પડઘા પડયા પાટનગર ગાંધીનગરમાંઃ હવે તિરંગા યાત્રામાં ભીડને એકઠી કરવાની જવાબદારી તલાટીઓને ઠોકી બેસાડવામાં આવી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ સરકાર સામે પ્રવર્તી રહેલા વિરોધી માહોલને કારણે ભાજપના ધારાસભ્યો અને નેતાઓ માટે લોકો વચ્ચે જવુ અને ભીડ એકઠી કરવી મુશ્કેલ બની રહ્યુ છે. કારણ કે ગઈ કાલે અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ સહિત કોર્પોરેટરોનો સ્થાનિક રહીશોએ ઉધડો લેતા જેના પડઘા પાટનગર ગાંધીનગરમાં પડયા હતા. જેને લઈ સરકારે હવે તિરંગા યાત્રામાં ભીડ એકઠી કરવાની જવાબદારી તલાટીઓને ઠોકી બેસાડવામાં આવી છે. ધારાસભ્યોને મત વિસ્તારમાં જવુ હાલમાં મુશ્કેલીરૂપ બની જવા પામ્યુ છે. ત્યારે આગામી ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે યોજાનારી હર ઘર તિરંગા યાત્રાની જવાબદારી તલાટીઓના માથે થોપી દેવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. મળતી માહિતી પ્રમાણે તલાટીઓની હાલત હવે આંગણવાડી વર્કરો જેવી બની ગઈ છે. રાજય સરકાર એક પછી એક બિન મહત્વના કામોની જવાબદારીઓ તલાટીઓને સોંપી રહી છે. ૧૫ મી ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે ગામડાઓમાં દાતાઓને શોધીને શાળાઓમાં રંગોળી સ્પર્ધા કરાવવા અને વિદ્યાર્થીઓને ઈનામ આપવાનુ કામ પણ તલાટીઓ કરી રહ્યા છે. ગામડાઓમાં શાળાના બાળકોને એકત્ર કરીને તિરંગા યાત્રા યોજવામાં પણ તલાટીઓની મુખ્ય ભુમિકા રહી છે. તિરંગા યાત્રા ઉપરાંત, તલાટીઓને હવે વડાપ્રધાન આવાસ યોજનાનો સર્વે કરવા અને લાભાર્થીઓ સાચા છે કે ખોટા તેની ચકાસણી કરવા પણ જણાવાયુ છે. આમ તલાટીઓ પર વધારાના કામોનો બોજ સતત વધી રહ્યો છે. આ પરીસ્થિતિ દર્શાવે છે કે રાજકીય નેતાઓની ભીડ એકઠી કરવામાં નિષ્ફળતાનો ભાર સરકારી કર્મચારીઓ પર આવી રહ્યો છે.

## પોલીસ ચોરને પકડવામાં નિષ્ફળ

# પાંચ વર્ષ પહેલા એક્ટિવા ચોરાયું, છતાં મૂળ માલિકને આવી રહ્યાં છે ઈ-મેમા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં રહેતા એક વેપારીઓનું એક્ટિવા પાંચ વર્ષ પહેલા ચોરાઈ ગયું છે...પણ આ ચોરાયેલા એક્ટિવાના ઈ-મેમા તે વેપારીના સરનામે આવી રહ્યા છે.ચોર બિન્દાસ્ત રીતે સુરત શહેરમાં જ ફરી રહ્યો છે પણ હર્ષ સંઘવી સાહેબની પોલીસ એક્ટિવા અને એક્ટિવા ચોરને પકડી શકતી નથી.

સુરત શહેર, જ્યાં ગુજરાત પોલીસની કામગીરીના દાવાઓ ઘણીવાર ચર્ચામાં હોય છે, પરંતુ આજે અમે તમને એક એવી ઘટના વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે સુરત ટ્રાફિક પોલીસની નિષ્ફળતાને ઉજાગર કરે છે. એક વેપારીનું એક્ટિવા પાંચ વર્ષ પહેલાં ચોરાયું, પરંતુ પોલીસ ન તો તેને શોધી શકી, ન તો ચોરને પકડી શકી. ઉપરથી, ચોરાયેલા એક્ટિવાના મૂળ માલિકને જ ઈ-મેમો ફટકારીને હેરાન કરી રહી છે... સૌથી ચોંકાવનારી વાત એ છે કે ચોરાયેલું એક્ટિવા સુરત શહેરમાં જ બિન્દાસ્ત ફરી રહ્યું છે. ટ્રાફિક પોલીસના CCTV કેમેરામાં આ એક્ટિવા કેદ થઈ રહ્યું છે, છતાં પોલીસ ચોરને પકડવામાં નિષ્ફળ રહી છે. નરેશ ધોળાએ અનેકવાર આ બાબતે રજૂઆત કરી, પરંતુ દરેક વખતે તેમને માત્ર ઠાલાં વચનો જ મળ્યાં.

આ ઘટના પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કરે છે. જ્યારે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સુરતના ગૌરવની વાતો કરે છે, ત્યારે શું આવી ઘટનાઓ પોલીસ તંત્રની નિષ્ફળતાને ઉજાગર નથી કરતી?

પ્રજાનું રક્ષણ કરવાની જવાબદારી ધરાવતી પોલીસ શું ખરેખર પોતાનું કામ કરી રહી છે?.

નરેશ ધોળાની આ વ્યથા એક વેપારીની નથી, પરંતુ એવી હજારો લોકોની છે, જેઓ પોલીસ પાસેથી ન્યાયની આશા રાખે છે. સવાલ એ છે કે, સુરત પોલીસ આ ચોરાયેલું એક્ટિવા ક્યારે શોધશે? અને ક્યારે નરેશ ધોળાને ન્યાય મળશે?

## મંત્રી પ્રફુલ પાનસેરીયા અને પુરષોત્તમ સોલંકીની તબિયત સારી ન હોવાથી નથી ફાળવાયો કાર્યક્રમ

# બચુ ખાબડ હવે માત્ર કાગળ પર જ રહ્યા મંત્રીઃ સરકારે આખરે સ્વીકાર્યુ કે મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડ ભ્રષ્ટઃ ૧૫ મી ઓગસ્ટના કાર્યક્રમમાંથી કરાયા બાકાત



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે આખરે સ્વીકાર્યુ કે મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડ ભ્રષ્ટ છે. મળતી માહિતી પ્રમાણે સ્વંત્રતા દિવસનો મુખ્ય સમારોહ મુખ્યમંત્રીની હાજરીમાં યોજાશે. મળતા અહેવાલ પ્રમાણે મંત્રી બચુ ખાબડને એકપણ જિલ્લાની જવાબદારી સોંપાઈ નથી. ઉલ્લેખનીય છે કે પંચાયત મંત્રી બચુ ખાબડના પુત્રો મનરેગા કૌભાંડમાં હાલ જામીન પર છુટેલા છે. તો બીજી તરફ સામાન્ય વહિવટી વિભાગે બહાર પાડેલા પરીપત્રમાં બચુ ખાબડને ચોકકસ રીતે પડતા મુકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૫ દિવસથી ગાંધીનગરમાં ગેરહાજર રહેતા ભાજપે તેમને અઘોષિત જાહેર કર્યા છે. તો બીજી તરફ મંત્રી પ્રફુલ પાનસેરીયા અને પુરષોત્તમ સોલંકીની તબિયત સારી ન હોવાથી તેમને ૧૫ ઓગસ્ટનો કાર્યક્રમ ફાળવવામાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે ભાજપના સંખ્યાબંધ નેતાઓમાંથી તેમની બાદબાકી કરવામાં આવી છે. ૧૫ મી ઓગસ્ટે રાજયના વિવિધ જિલ્લાના કાર્યક્રમોમાં બાકાત રાખવામાં આવ્યા છે. મંત્રી બચુ ખાબડની વધુ એક સરકારી કાર્યક્રમમાંથી બાદબાકી કરવામાં આવી છે. રાજય સરકારે આ પ્રકારે સ્પષ્ટ કર્યુ છે કે કોઈપણ ભ્રષ્ટાચારી મંત્રી હોય કે અધિકારી તેની હકાલપટ્ટી નિશ્ચિત છે.

# અમદાવાદના ચાંદખેડામાં પાણીના મામલે ભાજપના કોર્પોરેટરે જ કોર્પોરેશન સામે આંદોલન કરવાની આપી ચીમકી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યાનો કોઈ ઉકેલ નહી આવતા ભાજપના જ કોર્પોરેટર અને પૂર્વ દંડકને અધિકારીઓ વિરૂધ્ધ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારતા મ્યુનિસીપલ કોર્પોરેશન તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અમદાવાદના ચાંદખેડા વોર્ડમાં ડી કેબીન વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીમાંથી ૨૫ થી વધુ સોસાયટીઓમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા એક મહીના કરતા વધુ સમયથી શૈલ ગંગા પાણીની ટાંકીમાંથી રહેણાંક વિસ્તારોમાં પીવાનુ પાણી પુરતા પ્રેશરથી અને પુરતા પ્રમાણમાં મળતુ નથી, તેના કારણે નાગરીકોને સવારના પહોરમાં જ બીજા કામ મુકીને પાણી માટે દોડાદોડ કરવી પડે છે. સ્થાનિક નાગરીકોની રજુઆતોને પગલે ચાંદખેડા વોર્ડના ભાજપના અગ્રણી કોર્પોરેટર અરૂણસિંહ રાજપુત તથા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર રાજેશ્રી કેષરી એ પણ મ્યુનિસીપલ કોર્પોરેશનના વોટર ઓપરેશન વિભાગના અધિકારીઓનુ ધ્યાન દોર્યુ હતું. પરંતુ આજદીન સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. ચાંદખેડાના ડી કેબીન વિસ્તારની કેટલીય સોસાયટીઓમાં કોર્પોરેશન તરફથી પાણીની ટેન્કર મોકલવામાં આવે છે. તો અન્ય કેટલીક સોસાયટીઓમાં તો ખાનગી ટેન્કર મંગાવવાની ફરજ પડે છે. ડી કેબીન વિસ્તારની પાણીની સમસ્યા હલ નહી થતા અકળાયેલા ભાજપી કોર્પોરેટર અરૂણસિંહ રાજપુતે તો કોર્પોરેશનના અધિકારીઓ વિરૂધ્ધ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. તેમનુ કહેવુ છે કે પાણીની ટાંકીમાં કેમ ઓછુ પાણી આવે છે, અને લોકોને કેમ પુરતા પ્રમાણમાં પાણી મળતુ નથી, તે જોવાનુ કામ ઈજનેર ખાતાનુ છે અને તેમને હજુ સુધી કોઈ ઉકેલ ના મળ્યો હોય તો તેમના વાંકે ડી કેબીન વિસ્તારની સોસાયટીઓ શું કામ હેરાન થાય ? એમણે એવુ પણ કહ્યુ કે દરેક સોસાયટી પોતાના ખર્ચે દરરોજ ખાનગી ટેન્કર મંગાવી શકે નહી, લોકોને પાણી પુરૂ પાડવાની જવાબદારી કોર્પોરેશન તંત્ર છે અને તેમાં નિષ્ફળતાના કારણે લોકોના રોષનો સામનો કોર્પોરેટરોએ તથા કાર્યકરોએ કરવો પડે તે યોગ્ય નથી, ચાંદખેડા વોર્ડના ભાજપના સુત્રોએ પણ સ્વીકાર્યુ હતુ કે અરૂણસિંહ રાજપુત કયારેય આવી ભાષામા વાત કરતા નથી, અને કોઈ વિવાદમા આવ્યા નથી, પરંતુ વિસ્તારમાં પાણીની સમસ્યા વકરી હોવાથી તેમને આંદોલન કરવાની ચીમકી આપવી પડી છે.

# જામનગરની કોર્ટમાં બે મહિલાઓએ એક યુવક પર કરી જાહેરમાં લાફાવાળી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના કોર્ટ પરિસરમાં આજે એક અનોખો અને ચર્ચાસ્પદ બનાવ બન્યો હતો. જ્યાં બે મહિલાઓએ એક યુવકને સરાજાહેર માર માર્યો હતો.

આ ઘટના કેસના વિવાદને કારણે બની હતી અને મામલો એટલો ઉગ્ર બન્યો કે વાત પોલીસ સ્ટેશન સુધી પહોંચી ગઈ હતી. કોર્ટમાં ચાલી રહેલા એક કેસના સંદર્ભમાં બે પક્ષકારો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી દરમિયાન યુવકે સામેવાળી મહિલાની દીકરી વિશે અપમાનજનક શબ્દો ઉચ્ચારતા મામલો ગરમાયો હતો.

યુવકના આ શબ્દોથી રોષે ભરાયેલી મહિલાઓએ તેને કોર્ટ પરિસરમાં જ રોકીને માર મારવાનું શરૂ કર્યું હતું.

આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બંને મહિલાઓએ યુવકને જાહેરમાં લાફાવાળી કરી હતી. તેમજ તેની સાથે ઝપાઝપી પણ કરી હતી. યુવકને માર મારતા જોઈને અન્ય લોકો પણ ત્યાં એકઠા થઈ ગયા હતા અને પરિસ્થિતિને થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને કારણે થોડા સમય માટે કોર્ટ પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.


**પશ્ચિમ રેલ્વે - રાજકોટ વિભાગ**

ઈ-ટેન્ડર સૂચના નં. 29 ની 2025-26 તારીખ 11-08-2025

**કોન્ટ્રાક્ટરના પોતાના PQRS પોર્ટલ, TRR(P) અને અન્ય સંકળાયેલા કામો સાથે CTR(P), TSR(P) નું અમલીકરણ**

**ઇ-ટેન્ડર નંબર: DRM-RJT-2025-26-E-70**

કાર્યનું નામ: રાજકોટ વિભાગ - કોન્ટ્રાક્ટરના પોતાના PQRS પોર્ટલ, TRR(P) અને સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ અન્ય સંકળાયેલ કાર્યો સાથે CTR(P), TSR(P) નું અમલીકરણ.

| | |
|---|---|
| અંદાજિત NIT ખર્ચ: ₹17,46,01,598.19 | બાનાની રકમ : ₹.10,23,000.00 |

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 04-09-2025 બપોરે 15:00 કલાકે.

ઓફિસ સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરિંગ), વેસ્ટર્ન રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360 001.

વેબસાઇટ: www.ireps.gov.in RJT 095

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# પાટીદાર-રબારી સમાજ આમને સામનેઃ પાટીદાર સમાજ ૧૦૦ ગાડીઓ લઈને આવતો હોય તો આપણો રબારી સમાજ ૫૦૦ ગાડીઓ ભેગી કરે : ગોકુળ કરમટીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાના કાળા તળાવ ગામે પાટીદાર સમાજ વૃધ્ધ ને માટી ભરવા બાબતે રબારી સમાજના યુવાને માર માર્યાની ઘટનાના સુરત સુધી પડઘા પડયા બાદ પાટીદાર સમાજે સુરત થી ૧૦૦ ગાડીઓના કાફલા સાથે ભાવનગર આવી બનાવમાં લુંટનો ગુન્હો દાખલ કરાવતા પોલીસે રબારી સમાજના યુવાનની ધરપકડ કરી બે દિવસના રીમાન્ડ મેળવતા સમગ્ર રબારી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. જેના ભાગરૂપે વિહોતર ગુજરાતના ઉપાધ્યક્ષ ગોકુળભાઈ કરમટીયા અને ગુજરાત માલધારી સેલના પ્રમુખ અમિતભાઈ લવતુકાએ રબારી સમાજના યુવાન સામે ખોટી રીતે લુંટનો ગુન્હો નોંધાવ્યો હોય સમાજે એક થઈ લડત આપવા આહવાન કરતા પાટીદાર-રબારી સમાજ આમને સામને આવી ગયો છે. આ મામલે મીડીયા સમક્ષ વિહોતર ગૃપ ગુજરાતના ઉપાધ્યક્ષ ગોકુળભાઈ કરમટીયાએ જણાવ્યુ હતુ કે પાટીદારોએ મુદ્દો ચગાવી રાજકીય આગેવાનોની મદદથી એસપી ઉપર દબાણ લાવી બનાવના ત્રીજા દિવસે લુંટનો ગુન્હો દાખલ કરાવ્યો હતો. આ બનાવને પગલે પાટીદાર સમાજ સુરતથી ૧૦૦ ગાડીઓ સાથે કાળા તળાવ આવી શકતો હોય તો આપણે



ભાવનગરના સ્થાનિકોની કમસે કમ ૫૦૦ ગાડીઓ તો ભેગી થવી જ જોઈએ, ખોટા કેસ સામે રબારી સમાજે જાગવુ પડશે, એક થવુ પડશે, સમાજે એક થઈ ન્યાય માટે લડવુ પડશે, દોડવુ પડશે અને ખર્ચાવવુ પડશે, આ કેસ પાછો નહી ખેંચાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન અને જરૂર પડે તો ભુખ હડતાળની તૈયારી રાખવી પડશે, ગોકુળભાઈ કરમટીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં સાધુ-સંતો સમાજના આગેવાનો, યુવાનોને એકઠા કરી ૫૦૦ ગાડીઓ ભેગી કરી કાળા તળાવ ગામે રેલી, સભા યોજી એસપી અને કલેકટરને આવેદનપત્ર આપી લુંટનો ગુન્હો રદ નહી થાય તો જિલ્લા / તાલુકા કક્ષાએ આવેદનપત્ર અપાશે, અંતમાં રબારી સમાજને પક્ષા પક્ષી થી દુર રહી એક થવા આહવાન કર્યુ હતું. ગુજરાત માલધારી સેલના પ્રમુખ અમિતભાઈ લવતુકાએ જણાવ્યુ હતુ કે કાળા તળાવ ગામે જે બનાવ બન્યો છે તેમાં પાછળથી લુંટ સહિતનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. તે યોગ્ય નથી, હવે અમે સમાજ લેવલે ફાઈનલ કરી જે તા. નકકી થાય તે રીતે રજુઆત કરવા જઈશુ, ઉલ્લેખનીય છે કે ગઈ તા. ૭ મી એ કાળા તળાવ ગામે પાટીદાર ખેડુત અરજણભાઈ દિહોરા નદીએ માટી ભરવા ગયા હતા ત્યારે રાજુ ઉલવા સહિત ૩ રબારીએ માટી ભરવાની ના પાડી, રાજુએ માર મારતા તેના છેક સુરત સુધી પડઘા પડતા પાટીદાર સમાજની ૧૦૦ ગાડીઓનો કાફલો આવ્યો હતો અને ગુન્હો નોંધાવતા પોલીસે રાજુ ઉલવાની ધરપકડ કરી બે દિવસ ના રીમાન્ડ મેળવ્યા હતા, આ બનાવ અંગે હવે રબારી સમાજે પાટીદારોએ મુદ્દો ચગાવી લુંટનો કેસ કરાવ્યા ના આક્ષેપ સાથે લડત આપવા નિર્ણય લીધો છે.

# અમરેલી જિલ્લાના ચલાલામાં ભાજપનો જુથવાદ બહાર આવતા નગરપાલિકા પ્રમુખે રાજીનામુ આપ્યું : પ્રમુખે કૌટુબિંક કારણ આગળ ધર્યુ હોવાનુ ચર્ચાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લાના ચલાલા નગરપાલિકા પ્રમુખે કૌટુંબિક કારણ આગળ ધરી રાજીનામુ આપતા ગુજરાતમાં વધુ એક નગરપાલિકામાં ભાજપનો જુથવાદ બહાર આવ્યો છે. અમરેલીના ચલાલામાં ભાજપનો જુથવાદ વકર્યો છે. નગરપાલિકાના પ્રમુખે માત્ર ૫ મહિનાના સમયગાળામાં જ રાજીનામુ ધરી દેતા રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. પાલિકા પ્રમુખના પતિએ સોશીયલ મીડીયામાં પોસ્ટ કરીને રાજીનામાની જાણકારી આપી હતી. અમરેલી જિલ્લાના ચલાલામાં ભાજપનો જુથવાદ વકર્યો છે. ચલાલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન વાળાએ કૌટુંબિક કારણ




આગળ ધરીને રાજીનામુ આપ્યું છે. તેમણે જિલ્લા કલેકટરને લખેલા રાજીનામામાં જણાવ્યુ હતુ કે હું મારા કૌટુંબિક કારણોસર પાલિકાની રોજીંદી કામગીરીમાં હાજર રહી શકતી નથી જેથી કામગીરીને અસર ન થાય તે માટે રાજીખુશી થી રાજીનામું આપું છું. નયનાબેન વાળાએ માત્ર પાંચ જ મહિનાના સમયગાળામાં રાજીનામું ધરી દેતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમના પતિએ સોશીયલ મીડીયામાં પોસ્ટ કરીને રાજીનામા અંગે જાણ કરી હતી. ત્યારબાદ આંતરીક જુથવાદમાં રાજીનામુ આપ્યુ હોવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. છેલ્લા પાંચ મહિનાથી આંતરીક જુથવાદ ચાલતો હોવાથી પ્રમુખ નયનાબેન વનરાજભાઈ વાળાને રાજીનામુ આપવાની ફરજ પડી હોવાનુ પણ સુત્રોએ જણાવ્યુ હતું.

# સૌથી વધુ સરકારી સ્કુલો મામલે ગુજરાત ટોચના ૧૦ રાજયોમાં પણ નહી : ૪૪૦ થી વધુ સ્કુલોને લાગ્યા ખંભાતી તાળા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકારી સ્માર્ટ સ્કુલો શરૂ કરવાના દાવા ભલે કરવામાં આવતા હોય પણ સરકારી સ્કુલો પ્રત્યે તંત્રનુ નિરસ વલણ સ્પષ્ટ હોવાનુ જણાય છે. સૌથી વધુ સરકારી સ્કુલો હોય તેવા ટોચના ૧૪ રાજયોમાં પણ ગુજરાતનો સમાવેશ થતો નથી, ગુજરાતમાં સરકારી સ્કુલની સંખ્યા ફકત ૩૪.૫ હજાર છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સૌથી વધુ સરકારી સ્કુલ હોય તેવા રાજયોમાં ઉત્તર પ્રદેશ ૧.૩૭ લાખ સાથે મોખરે, મધ્ય પ્રદેશ ૯૨૪૩૯ સાથે બીજા ક્રમે, પશ્ચિમ બંગાળ ૮૨૩૦૭ સાથે ત્રીજા ક્રમે છે. બિહાર, રાજસ્થાન, ઓડીસા, ઝારખંડ, છત્તીસગઢમાં પણ ગુજરાત કરતા વધુ પ્રમાણમાં સરકારી સ્કુલો છે. ગુજરાતમાં કુલ ૩૪૫૯૭ જેટલી સરકારી સ્કુલો છે. રાજયોના સ્કુલોના સરકારી આંકડાઓ તરફ નજર કરીએ તો (૧) ઉત્તર પ્રદેશ ૧,૩૭,૧૦૨ (૨) મધ્ય પ્રદેશ ૯૨, ૪૩૯ (૩) પશ્ચિમ બંગાળ ૮૨,૩૦૭, (૪) બિહાર ૭૮, ૧૨૦ (૫) રાજસ્થાન ૭૦,૨૩૩ (૬)



મહારાષ્ટ્ર ૬૫,૧૫૭ (૭) કર્ણાટક ૪૯,૩૦૬ (૮) છત્તીસગઢ ૪૮,૮૦૩ (૯) ઓડીસા ૪૮,૬૭૧ (૧૦) આસામ ૪૫,૦૦૮ (૧૧) આંધ્રપ્રદેશ ૪૫,૦૦૦ (૧૨) તમીલનાડુ ૩૭,૬૭૨ (૧૩) ઝારખંડ ૩૫ ૭૯૫ (૧૪) ગુજરાત ૩૪, ૫૯૭

અધુરામાં પુરા પાંચ વરસમાં ગુજરાતમાંથી ૪૪૦ થી વધુ સરકારી સ્કુલોને તાળા લાગ્યા છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦ માં ૩૫, ૦૪૦, ૨૦૨૦-૨૧ માં ૩૪,૯૬૭, ૨૦૨૧-૨૨ માં ૩૪,૬૯૯, ૨૦૨૨-૨૩ માં ૩૪,૫૯૧, જેટલી સરકારી સ્કુલો હતી, ૨૦૨૨-૨૩ કરતા ૨૦૨૩-૨૪ માં સરકારી સ્કુલોની સંખ્યા વધી હોય તેવા રાજયમાં બિહાર, છત્તીસગઢ, દિલ્હી, ઝારખંડ, રાજસ્થાન, તામીલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

# માણાવદર - બાંટવામાં પોલીસના આશીર્વાદથી જુગાર ચાલતો હોવાનો ભાજપના ધારાસભ્યનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

બાંટવા અને માણાવદર શહેર વિસ્તારમાં જુગારની મોટી કલબો ચાલી રહી હોવાના ગંભીર આક્ષેપો માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે તેમના સુધી એવી રજુઆતો પહોચી હતી કે અહીં રોજના ૭૦ થી ૮૦ હજાર રૂપીયાની સેકશન લઈને કલબો ચલાવવામાં આવી રહી હોવાના ધારાસભ્યએ આક્ષેપ કર્યા છે. જેમાં પોલીસે આક્ષેપોને પાયા વિહોણા ગણાવ્યા છે.



ધારાસભ્ય લાડાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે તેમને છેલ્લા બે દિવસથી ફોન પર જાણવા મળ્યુ કે તાલુકાના ગામડા અને શહેરોમાં ખાનગી રીતે જુગારની કલબો ચાલી રહી છે અને પોલીસ નાના માણસો પર ખોટા કેસ કરી માત્ર આંકડા બતાવતી રહે છે. આ સમગ્ર મામલે બાંટવાના પીએસઆઈ આર એમ વાળા એ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતુ કે ધારાસભ્યના આક્ષેપો પાયા વિહોણા છે. તેમણે કહ્યુ કે બાંટવા શહેરના ચુનારવાડ વિસ્તારમાં ગઈ કાલે જ પોલીસ દ્વારા રેડ પાડવામાં આવી હતી જયાં અંદાજે ૧૫ જેટલા જુગારીઓ પત્તા રમતા હતા. રેડ ની ખબર પડતા મોટા ભાગના જુગારીઓ ભાગી છુટયા હતા. જેમાંથી માત્ર ૩ થી ૪ વ્યકિતઓ પકડાઈ હતી.

પીએસઆઈના કહેવા પ્રમાણે જે જુગારીઓ પોલીસની કાર્યવાહીથી બચી ગયા હતા એ જ લોકોએ ધારાસભ્યને ખોટી માહિતી આપી હતી. જેથી પોલીસની છબી ખરડાય, કોઈપણ જગ્યાએ જુગાર ચાલતો હોય તો પોલીસ હંમેશા તટસ્થ રહી કાર્યવાહી કરે છે. આ કિસ્સામાં ફરાર જુગારીઓએ વાસ્તવિકતા કરતા વિપરીત વાત કરી ધારાસભ્યને ગેરમાર્ગે દોર્યા છે. તેવુ પીએસઆઈએ કહ્યુ હતું.

ધારાસભ્યના આક્ષેપોનો વીડીયો સોશીયલ મીડીયામાં પણ વાયરલ થયો હતો. જયારે આ સમગ્ર મામલો ફરાર જુગારીઓ દ્વારા ધારાસભ્યોને વાસ્તવિકતાથી અલગ જ રજુઆત કરી ઉપજાવવામાં આવેલો હોવાનુ બહાર આવ્યુ છે.

### ભારત-અમેરિકા ટેરિફ યુદ્ધ!

# જામનગરના બ્રાસ ઉદ્યોગને અસર, નવા ઓર્ડર સદંતર બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય નિકાસ પર ૨૫% ટેરિફ ઝીંકવાની જાહેરાત કરી છે, જેની જામનગરના બ્રાસ ઉદ્યોગ પર ગંભીર અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે.

હાલમાં આ ટેરિફનો અમલ પાછળ ઠેલાયો છે, પરંતુ હાલ આ જાહેરાતને પગલે જામનગરના ઉદ્યોગની ચમક ઝાંખી પડી રહી છે. ઉદ્યોગકારોનું શું માનવું છે આવો જાણીએ વિસ્તારથી.

જામનગરના બ્રાસ ઉદ્યોગે શહેરની વિશ્વભરમાં ઓળખ અપાવી છે. લાખો લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઉદ્યોગમાંથી રોજગારી મેળવે છે. ત્યારે અમેરિકાના ટેરિફની આ ઉદ્યોગ પર શું અસર પડશે તે મામલે જામનગર ફેકટરી ઓનર્સ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયાએ જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ટેરિફ અંગે જે ચીમકી આપવામાં આવી રહી છે જેનાથી જામનગરના ઓલ ઓવર બ્રાસ ઉદ્યોગને વધુ પ્રતિકૂળ અસર પડે તેવું જણાતું નથી.

પરંતુ જામનગરની ઘણી એવી પેઢી છે જે અહીંથી તૈયાર માલની નિકાસ કરે છે તો આ પેઢીઓને ટેરિફ વૉરનો ડર લાગી શકે છે. જામનગરમાંથી નિકાસ થતાં બ્રાસના તૈયાર માલના અમેરિકાના દેશોમાં લગભગ ૭ થી ૧૦% જેટલી નિકાસ કરવામાં આવે છે. જેને આ ટેરિફની અસર પડી શકે છે. ટ્રમ્પની જાહેરાતને પગલે હાલ બ્રાસ ઉદ્યોગમાં સરવે દરમિયાન જાણવા મળ્યું છે કે મોટાભાગના ઓર્ડર હાલ પેન્ડિંગ છે. નવા ઓર્ડર આપવાનું અમેરિકાની પાર્ટીઓએ સદંતર બંધ કર્યું છે એટલે કે અમેરિકાની પાર્ટીઓ વેઈટ એન્ડ વોચની સ્થિતિ પ્રમાણે ચાલી રહી છે જેને લઈ નવા ઓર્ડર મળવાનું બંધ થયું છે આથી બ્રાસ ઉદ્યોગને હાલની સ્થિતિએ નુકસાની ભોગવવાનો વારો આવી રહ્યો છે પરંતુ એ વાત પણ સત્ય છે કે માત્ર ૭ થી ૧૦% જેટલી નિકાસ અમેરિકાના દેશોમાં થાય છે તેટલા જ ઉદ્યોગકારોને નુકસાન થઈ શકે છે જ્યારે સ્થાનિક બજારમાં આ ટેરિફની કોઈ અસર જોવા મળશે નહીં.


